સરકારી કુમાર છાત્રાલય, પાલનપુરનાં બિલ્ડીંગમાં મરામતની કામગીરીની વહીવટી/ખર્ચ કરવાની મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સકછ-૧૦૧૭-૪૧૨૯૧૨(૧૨૮૧)-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨૫/૭/૨૦૧૭.

વંચાણે લીધાં

(૧) નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૧૧/૭/૨૦૧૭ ના પત્ર ક્રમાંક: અજાક/ગ-૧/૧/૨૦૧૭-૧૮/૪૧૪૦

ઠ રા વ:-

ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમ-(૧) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૧૧/૭/૨૦૧૭ના પત્રથી સરકારી કુમાર છાત્રાલય, પાલનપુરનાં બિલ્ડીંગમાં મરામતની કામગીરીની વહીવટી/ખર્ચ કરવાની મંજુરી આપવા બાબતે રૂ.૪૯.૫૦/- (અંકે રૂપિયા ઓગણપચાસ લાખ પચાસ હજાર પુરા)ની મંજૂરી આપવા અંગેની દરખાસ્ત કરેલ છે. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે સરકારી કુમાર છાત્રાલયયોના મકાન બાંધકામ યોજનાની ચાલુ વર્ષ ૨૦૧૭-૧૮ના અંદાજપત્ર પ્રકાશન-૨૪(૨)ના પાના નં. ૨૮૮ પર કુલ રૂ.300.00 લાખની જોગવાઇ થયેલ છે. સરકારી કુમાર છાત્રાલય, પાલનપુરનાં બિલ્ડીંગમાં મરામતની કામગીરી કરવા માટે નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન પેટા વિભાગ, પાલનપુર દ્વારા તૈયાર કરી રજુ કરવામાં આવેલ રૂ.૪૯.૫૦/-(અંકે રૂપિયા ઓગણપચાસ લાખ પચાસ હજાર પુરા) ના અંદાજો મુજબનો ખર્ચ સદરહુ ગ્રાન્ટમાંથી થઇ શકે તેમ હોઇ, આ કામ માટે થનાર રૂ.૪૯.૫૦/-(અંકે રૂપિયા ઓગણપચાસ લાખ પચાસ હજાર પુરા) નાં ખર્ચની આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(પાછળ જુઓ)